ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ એ
ગાંધીનગર

<u>પરિપત્ર</u>

**વિષય: ઓરેન્જ પ્રકારના ઉદ્યોગો દ્વારા શીડ્યુલ-૧ અથવા શીડ્યુલ-૨ ઓડીટરનું થર્ડ પાર્ટી સર્ટીફીકેટ રજુ કરવામા આવે તો તે ઉદ્યોગની રૂટીન ઈન્સ્પેકશનમાંથી મુક્તિ આપવા બાબતે**

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઉદ્યોગોમા ઉદ્દભવતા પ્રદુષણને ધ્યાનમાં લઈ ઉદ્યોગોનુ રેડ, ઓરેંજ અને ગ્રીન કેટેગરીમા વર્ગીકરણ કરવામા આવેલ છે.

ઉપરોક્ત વર્ગીકરણ મુજબ ઓરેન્જ કેટેગરીના ઉદ્યોગોનું ઈન્સપેક્શન દર છ માસે એકવાર કરવાની પ્રવર્તમાન નીતિ છે. આ પ્રકારના ઉદ્યોગોમા પ્રદુષણની માત્રા ધ્યાનમા લેતાં આ પ્રકારની ફ્રીક્વન્સી નક્કી કરવામા આવેલ છે.

પર્યાવરણની બાબતોમાં બાંધછોડ કર્યા વગર ઔદ્યોગિક એકમોને સાનુકુળતા આપવા તેમજ લોકાભિમુખ વહીવટના પગલા રૂપે જો આવા ઉદ્યોગો દ્વારા થર્ડ પાર્ટી થકી ઈન્સ્પેકશન કરાવી કોમ્પ્લાયન્સ અંગેના અહેવાલ સાથેનુ સર્ટીફીકેશન રજુ કરવામા આવે તો, ઉદ્યોગને રૂટીન ઈન્સ્પેક્શનમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ પ્રકારની મુક્તિ બોર્ડ દ્વારા ખાસ કિસ્સામાં જેવા કે, ઉદ્યોગ સામેની ફરિયાદ, કોર્ટ કેસની બાબત હોય તો અથવા તો બોર્ડને જરૂર જણાય તેવા અન્ય કિસ્સામાં લાગુ પડશે નહિ અને જે તે સમયે બોર્ડના સક્ષમ અધિકારી દ્વારા નિર્ણય લઈ ઈન્સ્પેક્શન કરી શકાશે.

ઉપરોક્ત થર્ડ પાર્ટી સર્ટીફીકેશન બોર્ડના નક્કી કરાયેલ માન્યતાપ્રાપ્ત શીડ્યુલ-૧ કે શીડ્યુલ-૨ ઓડીટર પાસેથી મેળવવાનું રહેશે. વધુમાં જો કોઈ કિસ્સામા ઓડીટર દ્વારા ખોટું સર્ટીફીકેટ આપેલ છે તેવું બોર્ડના ધ્યાને આવશે તો તે ઔદ્યોગિક એકમના વિસ્તારના યુનિટ હેડ મારફત બોર્ડ દ્વારા તુરંત આ બાબત ઓડીટ સમિતિના ધ્યાન પર લાવવાની રહેશે અને ઓડીટ સમિતિ દ્વારા યોગ્ય ખાતરી કરાયા બાદ તે કસુરવાર ઓડીટર સામે ટૂંકા ગાળા માટે માન્યતા રદ કરવી, લાંબા ગાળા માટે માન્યતા રદ કરવી, કાયમી ધોરણે માન્યતા રદ કરવી, કે ઓડીટરને બ્લેક્લીસ્ટ કરવા વગેરે જેવા પગલા લેવામાં આવશે.

**આ પરિપત્ર તા. ૩૦/૦૧/૨૦૧૬ના રોજ મળેલ બોર્ડની પરિપત્રિત બેઠક ક્રમાંક ૨૦૯મા મંજુરી આપવામાં આવેલ છે અને તે અનુસાર પરિપત્ર કરવામાં આવેલ છે.**

Sd\-
(હાર્દિક શાહ, IAS)
સભ્ય સચિવ

નં : ગુપ્રનિબોર્ડ/એડીએમ – ૧૦૦૫/ ૨૦૧૬ /૩૪૩૭૬૩ 04 FEB 2016

**<u>નકલ રવાના :</u>**

**૧) અધ્યક્ષશ્રી / સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુપ્રનિબોર્ડ, ગાંધીનગર**

૨) તમામ પ્રાદેશિક અધિકારીશ્રી......ને જાણ તથા ઉદ્યોગકારોને આ બાબતથી માહિતગાર કરવા આપના કાર્યવિસ્તારનાં ઉદ્યોગકારો અને ઔદ્યોગિક એસોસીએશનમાં બહોળી પ્રસિધ્ધિ થાય તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવાની સુચનાસહ

૩) **તમામ** તકેદારી અધિકારીશ્રી વડોદરા, રાજકોટ, ગાંધીનગર, સુરત...ને જાણ અર્થે.

૪) યુનિટ હેડ કોમ્પ્યુટર શાખા ....... આ પરિપત્રને વેબ સાઈટ, XGN અને XPN ઉપર મુકવા જરૂરી કાર્યવાહી અર્થે.

૫) યુનિટ હેડ પી-૨ શાખા, પી-૩ શાખા, કાયદા શાખા, મહેકમ શાખા, વોટર સેસ શાખા, હેઝાર્ડસવેસ્ટ શાખા, મધ્યસ્થ પ્રયોગશાળા....જાણ અર્થે.

૬) પરિપત્ર ફાઈલ

**GUJARAT POLLUTION CONTROL BOARD**

**PARYAVARAN BHAVAN, SECTOR 10A, GANDHINAGAR**

# CIRCULAR

**SUBJECT:** **Regarding exemption from annual routine inspection to orange category industries on submission of Third Party Certification from Scheule-1 or Schedule-2 Auditor.**

Central Pollution Control Board has classified industries into Red, Orange and Green category considering pollution generated from industries.

As per the above classification, the prevalent policy is of inspecting orange category industrial units at every six months. This frequency of monitoring is decided based on the pollution potential of such type of industries.

Without compromising matters on environment, to facilitate industrial units and also for better public administration, it has been decided that if such orange category industries, may be exempted from annual routine inspection, if they submit compliance report with certification after inspection through third party.

In special cases such as complain against the industrial unit, court case or in case where board feels necessary, such exemption will not be applicable and competent officer of the board shall decide and inspect the industrial unit.

Above referred third party certification has to be obtained by Board's recognized Schedule-I or Schedule-2 auditor. Moreover, if in any case any discrepancy is found in the certificate issued by the auditor, then in such cases, this matter will be brought to the notice of audit committee through concerned unit head & after proper verification by the audit committee, steps like short time derecognition, long term derecognition, permanent derecognition, black listing of auditor etc. shall be taken against the defaulting auditor.

This circular is as per the approval granted in Board's Circular Meeting No. 209 dtd. 30/01/2016 and is circulated accordingly.

Sd\-

(Hardik Shah, IAS)

Member Secretary

No. GPCB/ADM-1005/2016/ 343763 Date: 04/02/2016

Copy To:

1. The Chairman/ The Member Secretary Office, GPCB, Gandhinagar
2. All Regional Officers....For information & to give information to all Industrialist in your region & industrial association to make arrangement for wide publicity.
3. All Vigilance Officers Vadodara, Gandhinagar, Surat, Rajkot....For Information Please.
4. Unit Head, IT Branch...For Upload the Circular on Website, XPN & XGN.
5. Unit Head, P2, P3, Legal Branch, Personnel Branch, Water Cess Branch, Hazardous waste cell, Central Laboratory...For information please.
6. Circular File.

**This is the translated copy of the original Gujarati version of this document. For any confusion or conflicts in interpretation, the original Gujarati version should be considered ~~final and~~ authentic.**

GUJARAT POLLUTION CONTROL BOARD G.P.C.B. Gandhinagar